# બાલી પરિષદમાંથી ભારતે ખરેખર શું મેળવ્યું ?

**અરુણ જેટલી**

રાજ્યસભાના વિપક્ષી નેતા

બાલીમાં યોજાયેલી પ્રધાનોની પરિષદમાં અનાજ સુરક્ષાના મુદ્દે મોટાભાગની બાબતો અંગે સહમતી સધાઈ. ભારતના લાખો ગરીબજનોને સ્પર્શતો આ સવાલ છે. આ પગલાનો અમલ ચાર વર્ષ સુધી કરવામાં આવશે અને પછીથી તેના વિશે ચર્ચા હાથ ધરીને ત્યારબાદ તેનો કાયમી ઉકેલ શોધી કાઢવામાં આવશે. આમ વેપાર સુવિધા કરાર માટે વિકસિત દેશોની ઑફર હેઠળ કથિત શાંતિ કલમ બાબતે ભારત સહમત થયું.

ભારતીય પ્રતિનિધિઓ બાલી ખાતે યોજાનારી પરિષદમાં ભાગ લેવા રવાના થયા તે પહેલા સરકારે એવું જાહેર કર્યું હતું કે આપણા અનાજ સુરક્ષા કાર્યક્રમ બાબતે કોઈ બાંધછોડ કરવામાં નહિ આવે. પરંતુ પરિષદમાં તેનાથી ઉલટું જ થયું. પરિષદમાં થયેલા કરાર બાદ આપણો અનાજ સુરક્ષા કાર્યક્રમ વિશ્વ વેપાર સંગઠનના સભ્ય દેશોના સલાહસૂચનો મુજબ ચાલે એવો થઈ ગયો છે. વિશ્વ વેપાર સંગઠનના વધારે કડક ધોરણોને કારણે આંતરરાષ્ટ્રીય તપાસમાં વધારો થશે. ભારતમાં સાર્વજનિક અનાજના જથ્થાની વ્યવસ્થા બાબતે આંતરરાષ્ટ્રીય દબાણ વધશે.

કરારની કલમ-4 અંતર્ગત છેતરપિંડી – વિરોધી / સલામત વ્યવસ્થા શિર્ષક હેઠળ એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે કોઈપણ સભ્ય દેશ અન્ય દેશની અનાજ સુરક્ષા પર માઠી અસર કરે એ પ્રકારે વેપાર નહિ કરે. તે કલમ પ્રાથમિક દૃષ્ટિએ જ ભારતને હાનિકારક હોય એવી જણાય છે. તેના લીધે ભારતના અનાજ સુરક્ષા કાર્યક્રમ સામે અનેક પડકારો ઊભા

થશે. ભારતમાં ગરીબ તરીકે કોને ગણવા, ગરીબ વ્યક્તિઓને કેવો પોષક આધાર આપવો, સબસિડી કેટલી આપવી વગેરે જેવા મુદ્દાઓ ઉપસ્થિત થશે. તે કલમને કારણે ભારતીય સંસદે તાજેતરમાં ઘડેલા કાયદા સામે અનેક સવાલો ઊભા થશે. બાલીમાં થયેલા કરાર દ્વારા ભારત સરકારે અનાજ સુરક્ષા કાયદા બાબતે આંતરરાષ્ટ્રીય સમાજને હસ્તક્ષેપ કરવાની છુટ મળશે.

તે કરારની કલમ – 6 મુજબ અનાજ સુરક્ષાના સાર્વજનિક જથ્થા બાબતે અન્ય સભ્ય દેશો સાથે સલાહમસલતો કરવી પડશે. જેના લીધે આંતરરાષ્ટ્રીય સમુદાય સાથે ચર્ચા ભારત માટે બંધનકારક બની રહેશે.

એક તરફ આપણે એવું કહીએ છીએ કે આપણા અનાજ સુરક્ષા કાર્યક્રમ બાબતે કોઈ બાંધછોડ કરવામાં નહિ આવે. પરંતુ બીજી બાજુ તે કરારમાં એવી કલમો રાખી દેવામાં આવી છે કે જેનાથી વિશ્વ વેપાર સંગઠનના અન્ય સભ્ય દેશો આપણા અનાજ સુરક્ષા કાર્યક્રમ બાબતે સવાલ કરી શકશે અને તેનું કદ કેટલું રાખવું તે મુદ્દે દબાણ પણ કરી શકશે. ખેડૂતો અને ગરીબજનોના હિતની આ બાબત વિશેના નિર્ણયો ભારતીય સંસદ નહિ બલકે વિશ્વના અન્ય દેશો નક્કી કરશે. અન્ય દેશો ભારત પર દબાણ કરી શકશે.

સબસિડીના વર્તમાન દર ચાલુ રાખવાના ભારતના અનુરોધને માન્ય રાખવામાં નહિ આવે. આમ 1986-88ના આધારે ગણવામાં આવતી સબસિડીના આંકડાનો અમલ નહિ થઈ શકે. જેના લીધે સબસિડીના જથ્થા પર મર્યાદા આવી જશે.

દેશની અનાજ સુરક્ષા સાથે સમાધાન કરીને ભારતે ખરેખર શું મેળવ્યું એવો સવાલ થાય એ સ્વાભાવિક છે. વિકસિત દેશો હંમેશા વેપાર સુવિધા કરારની માગણી કરતા રહ્યા છે. તેઓ

બહેતર માળખાકીય સુવિધાઓ, બહેતર ગ્રાહક પ્રક્રિયાની માગણી કરતા રહ્યા છે, જેથી સરહદ પારથી તેઓના માલની છુટથી હેરફેર થઈ શકે. ભારતનો આંતરરાષ્ટ્રીય વેપારમાં હિસ્સો ફક્ત 1.6 ટકા છે. તેમાં વધારો કરવા ભારતને બહેતર વેપાર સુવિધાની જરૂર છે. પરંતુ વિકસિત દેશો 80 ટકાથી વધુ નિયંત્રણ કરવા આ કરાર ઈચ્છે છે. આ કરારના બદલામાં ભારત ઘણી માગણીઓ મનાવી શકત, પણ ભારતે એવું કર્યું નથી. અધૂરામાં પૂરું વેપાર સુવિધા કરાર હેઠળ વિકસિત દેશોને અનેક વચનો આપ્યા છે. આવશ્યક નાણાકીય અને ટેકનોલોજીકીય ટેકો વિકસિત દેશોની દયા પર નિર્ભર રહેશે.

વિશ્વ વેપાર સંગઠને દોહામાં યોજાયેલી મહત્ત્વાકાંક્ષી પરિષદનો હેતુ વેપાર આડેથી સબસિડીની વિસંગતતાઓને હટાવવાનો હતો. તેમાં સભ્ય દેશોને મહત્ત્વાકાંક્ષાના સ્તરમાં વધારો કરવાનું કહેવામાં આવ્યું હતું. તેના માટે કરાર કરવાની શરત મુકવામાં આવી હતી. મંત્રણાના અનેક રાઉન્ડ તે વખતે નિષ્ફળ નીવડ્યા હતા, કારણ કે વિકસિત દેશો કૃષિમાં સબસિડીના ઉંચા પ્રમાણમાં ઘટાડો કરાય એવું ઈચ્છતા હતા. તે કરારથી વિકસિત દેશોમાં આપણો માલ પહોંચી શકશે. સબસિડીના બદલામાં આ એકમાત્ર લાભ આપણને મળશે. ભારતે અનાજ સુરક્ષા સામેના કોઈપણ પડકારને પહોંચી વળવા સબસિડીના મામલે આવી રીતે સહમત થવાની જરૂર ન હતી. ભારતે હવે તે બાબતે વાટાઘાટો કરવાનો અધિકાર હંમેશને માટે ગુમાવી દીધો છે.

સેન્ટ ગેલન સ્થિત સ્વીસ યુનિવર્સિટીના આંતરરાષ્ટ્રીય વેપાર વિભાગના પ્રોફેસર સાયમન ઈવનેટે કહ્યું હતું કે અનાજ સુરક્ષાનો મુદ્દો 1984નો થઈ ગયો છે. જ્યોર્જ ઓરવેલને તેના માટે ગૌરવ હોવું જોઈએ. હકીકતમાં તે કરાર અન્ય કરતા વધારે સરખા પુરવાર થશે.